૫ મે ૨૦૧૯, રવિવાર, મુંબઈ. gujaratimidday.

# ગોરાઈના જામઝાડ પાડામાં ૭૦ વર્ષના અંધકાર પછી, પહેલી વખત વીજળીનાં અજવાળાં પથરાયાં

મુંબઈ : 'ચાર પેઢીઓથી અમારા ઘરોના અંધારા ઉલેચાય તે માટે રાહ જોઈ છે, હવે વીજળીનાં અજવાળાં પથરાયાં છે, અમે હવે રાત્રે ઢોલ વગાડીશું, ડાન્સ કરીશું અને ઉજવણી કરીશું.' ૭૦ વર્ષની લાંબી રાહ જોયા બાદ ગોરાઈ ગામના જામઝાડ પાડામાં વસતા ૫૪ પરિવારોને અંતે વીજળી મળ્યાની ખુશી વ્યક્ત કરતાં સ્થાનિક રહેવાસી કિશને ઉત્સાહથી ઉપર મુજબ જણાવ્યું હતું. તેની પુત્રીઓને હવે અંધારામાં ફાનસના અજવાળે અભ્યાસ નહીં કરવો પડે તે બાબતે તે ઉત્સાહિત હતો. તેની મોટી પુત્રી અનિસા ધો. ૭મા અભ્યાસ કરે છે.

ગોરાઈ વિસ્તારમાં અદાણી ઇલેક્ટ્રિસિટી, મુંબઈ લિમિટેડ દ્વારા ચાલુ સપ્તાહે વીજળીકરણની કામગીરી પૂર્ણ કરાઈ હતી. આજે સંપન્ન થયેલી કામગીરી બાદ ચાલુ થયેલી વીજળીની ઉજવણી કરવા ગામ આખું એકઠું થયું હતું અને ઉજવણી કરાઈ હતી.

ગામના રહેવાસીઓએ જણાવ્યું હતું કે, અત્યાર સુધી તેઓ સોલાર લાઈટ અને મશાલો વડે સાંજ પછી બહાર નીકળી શકતા હતા, હવે શેરીઓમાં સંભવતઃ લાઈટ હશે અને રાત્રે જવું-આવવું પણ સરળ બનશે. ગામના મોટા ભાગની વસતી શાકભાજીની ખેતી અને માછીમારી સાથે સંકળાયેલી છે. હવે ગામમાં ટીવી સેટ પણ આવશે તેવા ઉત્સાહ સાથે ગામલોકોએ જણાવ્યું હતું કે તેમની હાલની પેઢી અભ્યાસ કરે છે અને તે પણ સમાજમાં પોતાનું સ્થાન બનાવવા ઇચ્છે છે જેમાં વીજળી મદદરૂપ બનશે.